# અનફીટ છો પણ ફિટનેસ ચેલેન્જ સ્વીકારવી છે?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની ફિટનેસ અંગેનો વિડિયો સોશ્યલ મિડિયા પર શેર કર્યા બાદ ઘણાંએ એકબીજાને ફિટનેસની ચેલેન્જ મોકલી છે ને આમ ફિટનેસ ક્ષેત્રે જાગૃતિ આવી છે. શારીરિક રીતે જેઓ સામાન્ય રીતે સક્ષમ છે તેઓ ફિટનેસની આ ચેલેન્જ સ્વીકારી શકે છે પણ કમરની, ઘૂંટણની, સાયટીકા વગેરે જેવી તકલીફવાળાઓનું શું? ફિટ રહેવું તો કોને ન ગમે, પણ જેઓને આવી તકલીફ છે તેઓને પણ ફિટ થવું હોય , ફિટ રહેવું હોય તો આવો ડૉ. નીરજ ભણશાળીના સ્પાઇનેક સેન્ટરમાં.

આ એક એવું ફિઝિયોથેરાપી સેન્ટર છે જ્યાં દર્દીને પહેલે જ દિવસથી પેઇનલેસ ટ્રીટમેન્ટ અપાય છે. આજે સ્પાઇનેક સેન્ટરમાં કુલ સાઠ વેલ ટ્રેઇન્ડ ફિઝિયોથેરાપીસ્ટની ટીમ છે. અહીં દરરોજ ચારસોથી વધુ દર્દી આવે છે. આજ સુધીમાં તેમણે એક લાખથી વધુ દર્દીઓને સાજા કર્યા છે. ડૉ. નીરજભાઇના ક્લિનિકમાં એવી સિસ્ટમ છે કે દરેક પેશન્ટને ક્વોલિફાઇડ ડોકટર જ મળે. એક પેશન્ટ સાથે એક જ ડૉક્ટર હોય એટલે પેશન્ટ આવે તે ઘડીથી તેનો સમય બગાડ્યા વગર ક્વોલિટી ટ્રીટમેન્ટ શરૂ થાય. તેમની સારવાર પેઇનલેસ છે. અહીં ડોકટરોની ટીમ સતત મોનિટરીંગ કરે છે. વળી આપણા દેશના, દેશ બહારના એક્સપર્ટસ સાથે ટાઇઅપ છે.

જેમની સાથે અમે વીડિયો કોન્ફરન્સથી તત્કાલ માર્ગદર્શન મેળવી શકીએ છીએ. અમારા આ અપગ્રેડેશનને કારણે આખા દેશમાંથી તો પેશન્ટ આવે છે પણ આજુબાજુના દેશનાં લોકો પણ અહીં સારવાર માટે આવે છે. આ બાબતે હાલનો એક યુનિક કેસ ડૉ. નીરજભાઇએ શેર કર્યો. તેમને ત્યાં અમેરિકાથી એક બહેન આવ્યાં હતાં. જેને આઠ મહિનાનું બાળક હતું. જમણા હાથે તેમને પેઇન થયું હતું. અમેરિકામાં આઠ મહિના સુધી ટ્રીટમેન્ટ લીધા બાદ તેમને કંઇ ફેર ન પડયો. આખરે અહીં માંડ એક મહિના માટે તેઓ આવ્યા હતાં. અમે તેમને પચીસ દિવસમાં ઠીક કર્યાં. આજે તેઓ દરેક રીતે ફિટ છે. ડૉ. નીરજભાઇનું મૂળ સપનું તો સાયન્ટીસ્ટ બનવાનું હતું પણ તેમની મમ્મીની ઇચ્છા પોતાના દીકરાને ડોકટર બનાવવાની હતી. બારમા ધોરણ પછી તેમણે ફિઝિયોથેરાપીમાં એડમિશન લીધું વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી ભણીને આવ્યા બાદ નાણાવટમાં તેમણે 'શુભમ ફિઝિયોથેરાપી સેન્ટર' શરૂ કર્યું હતું. તેમના ભણ્યા પછીના પહેલા પાંચ વર્ષ તેઓ જેટલું કમાયા તેટલું તેમની લાઇનમાં ઇન્વેસ્ટ કરતા ગયા અને આખરે ઘોડદોડ રોડ પર સ્પાઇનેક સેન્ટર શરૂ કર્યું. ભણતાં ભણતાં તો તેઓ અપગ્રેડ થતા જ હતા. ભણી રહ્યા બાદ પણ તેઓ સતત શીખતા રહ્યા છે એમ કહીએ તો ખોટું નથી. સૌથી પહેલા મુંબઇમાં ડો. દસ્તુર પાસેથી ટ્રેનિંગ લીધી હતી. પછી તો સ્પાઇનલ મોબિલાઇઝેશન ફુલ બોડી મોબિલાઇઝેશન, સ્પોર્ટસ મેન્યુઅલ થેરાપી એમ ઓસ્ટ્રેલિયા, યુ.એસ. બેંગ્લોર જેવા જુદાં જુદાં સ્થાનેથી નવું નવું શીખતા રહ્યા અને તેમની આ ટ્રેનિંગને કારણે તેમને બીસીસીઆઇ ઇન્ડિયન ક્રિકેટ ટીમ, ગુજરાત ક્રિકેટ ટીમ વગેરેએ ફિઝિયોથેરાપીસ્ટ તરીકે આમંત્ર્યા હતા. તેમણે ઘણા ખેલાડીઓને સાજા કર્યા છે.


ડૉ. નીરજ ભણશાળી
(સ્પાઇનેક્સ સેન્ટર)

**તેમને બીસીસીઆઇ ઇન્ડિયન ક્રિકેટ ટીમ, ગુજરાત ક્રિકેટ ટીમ વગેરેએ ફિઝિયોથેરાપીસ્ટ તરીકે આમંત્ર્યા હતા. તેમણે ઘણા ખેલાડીઓને સાજા કર્યા છે.**

હવે ડૉ. નીરજભાઇ ટૂંક સમયમાં ન્યૂરો રિહેબ સેન્ટર ખોલવા જઇ રહ્યા છે. પેરાલાઇઝડ પેશન્ટો ના માથે ઘરની જવાબદારી હોય છે તેમને સારવાર આપવા ઇચ્છે છે ઘણાં નાનાં બાળકોને પણ આવી તકલીફ હોય તો આખું કુટુંબ તકલીફમાં આવી જાય છે. તો આવા જરૂરિયાતમંદ લોકો માટે ટ્રસ્ટ બેઝ્ડ રિહેબ સેન્ટર ખોલવા જઇ રહ્યા છે.

વધુ જાણવા QR સ્કેન કરો



There is no excellence without labour. - Liberty Hyde Bailey